सत्यमेव जयते

દાખલ તારીખ	૧૬-૦૧-૨૦૨૬		
રજીસ્ટરે લીધા તારીખ	૧૬-૦૧-૨૦૨૬		
ફેંસલ તારીખ	૦૬-૦૬-૨૦૨૬		
સમય ગાળો	વર્ષ	માસ	દિવસ
	૦૦	૦૫	૨૦

પલસાણાના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં...

ક્રિમી. કેસ નંબર	**૧૧૧/૨૦૨૬**
આંક-	

<u>ફરિયાદીઃ</u>	**ધી કડોદરા વિભાગ નાગરીક બચત અને ધીરાણ કરનારી સહકારી મંડળી લી વતી અને તરફે તેના અધિકૃત મેનેજર શ્રી જયેશભાઇ દીલીપભાઇ પટેલ** રહે- ધી કડોદરા વિભાગ નાગરીક બચત અને ધીરાણ કરનારી સહકારી મંડળી લી. કડોદરા ચાર રસ્તા, કડોદરા, તા. પલસાણા, જી.સુરત.

વિરૂદ્ધ

<u>આરોપીઃ</u>	**નરેન્દ્રસિંહ ડાહ્યાભાઇ સોલંકી** રહે-મુ.ખરભાસી (ડાંભા), પો.ચલથાણ, તા.પલસાણા, જી.સુરત.

<u>બાબતઃ</u>	**ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ**

ફરિયાદી તરફે વિ. વ. શ્રી	વી.ડી.નાયક
આરોપી તરફે વિ.વ. શ્રી	–

– જ જ મે ન્ટ –

(૧) ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, હમો ફરીયાદી મંડળી ધી કડોદરા વિભાગ નાગરીક બચત અને ધીરાણ કરનારી સહકારી મંડળી લી. વતી અને તરફે ફરીયાદી મંડળીના બોર્ડ ઓફ ડીરેકટરોએ આપેલ સત્તા તથા ફરીયાદી મંડળીના મેનેજરની હેસીયતમાં અને તે રૂએ હાલની આ ફરીયાદ આપ નામદાર સાહેબની કોર્ટમાં કરેલ છે. હમો ફરીયાદી મંડળી શ્રી ગુજરાત કો.ઓ. સો.એકટ ૧૯૬૧ હેઠળ કાયદેસર નોધાયેલ સહકારી મંડળી છે.જેનો રજીસ્ટ્રેશન નંબર : સા–૨૯૪૧ છે અને કડોદરા મુકામેથી બચત અને ધીરાણને લગતો વ્યવસાય કરે છે. આ કામના આરોપી હમો ફરીયાદી મંડળીના કાયદેસરના સભાસદ છો અને સભાસદ નં. ૬૦૫૫ થી નોધાયેલ છે. આ કામના આરોપીએ સભાસદની રૂએ હમો ફરીયાદી મંડળી પાસે લોન મેળવવા અરજી કરેલી જે અરજી હમો ફરીયાદી મંડળીની લોન કમીટીએ નકકી કરેલ વાર્ષિક વ્યાજે માસિક હપ્તે પરત ચુકવવાની શરતે મંજુર કરેલ જે અંગેના કાયદેસરના તમામ લખાણો આ કામના આરોપીએ નિયમ મુજબ હમો ફરીયાદી મંડળીને લખી આપેલ અને મારી અસીલ મંડળી ધ્વારા આ કામના આરોપીને રૂા. ૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પુરા નિયત સમય મર્યાદામાં વ્યાજ સહિત ભરપાઇ કરવાની શરતે તા.૧૬–૦૫–૨૦૧૮ ના રોજ ચુકવી આપેલા. આ કામના આરોપીનો

લોન ખાતા નં : ૨૦૦૩૦૮૩ માં આ રકમ આપવામાં આવેલી પરંતુ ત્યારબાદ આ કામના આરોપીએ હમો ફરીયાદી મંડળીને નિયમીત લોનની રકમ નકકી થયા મુજબના હપ્તા ચુકવી આપેલ નહી. જેથી સદરહુ લોનના હપ્તાની લેણી રકમની માંગણી હમો ફરીયાદી મંડળી ધ્વારા આ કામના આરોપી પાસે વખતો વખત કરવામાં આવતા આ કામના આરોપી ચેનકેન પ્રકારે ખોટા બહાના કાઢી તેમજ વાયદાઓ કરી સમય વિતાવતા આવેલ. ત્યારબાદ પણ હમો ફરીયાદી મંડળીએ આ કામના આરોપીની લોનની નાણાની માંગણી ચાલુ રાખતા આ કામના આરોપીએ હમો ફરીયાદી મંડળીમાંથી લીધેલ લોન બાકી હપ્તાની નાણાની ચુકવણી પેટે નીચેની વિગતનો ચેક આપેલ. જેની વિગત નીચે મુજબ છે.

<u>-:ચેકની વિગત :-</u>

ક્રમ	બેકનું નામ	ચેક નંબર	તારીખ	રકમ
૧	ધી સુરત ડી.કો.ઓ.બેક લી., ચલથાણ શાખા	૩૨૧૮૩૪	૧૦-૦૩-૨૫	૧,૯૫,૦૦૦/-
૨	ધી સુરત ડી.કો.ઓ.બેક લી., ચલથાણ શાખા	૩૨૧૮૩૫	૧૦-૦૩-૨૫	૧,૯૫,૦૦૦/-
૩	ધી સુરત ડી.કો.ઓ.બેક લી., ચલથાણ શાખા	૩૨૧૮૩૬	૧૨-૦૩-૨૫	૧,૯૫,૦૦૦/-
૪	ધી સુરત ડી.કો.ઓ.બેક લી., ચલથાણ શાખા	૩૨૧૮૩૭	૧૨-૦૩-૨૫	૧,૯૫,૦૦૦/-
૫	ધી સુરત	૩૨૧૮૩૮	૧૨-૦૩-૨૫	૧,૧૩,૧૫૩/-

	ડી.કો.ઓ.બેક લી., ચલથાણ શાખા			
			કુલે રૂા.	**૮,૯૩,૧૫૩/–**

તેવી જ રીતે આ કામના આરોપીએ હમો ફરીયાદી મંડળીના મેનેજરને ઉપર જણાવેલી વિગતોનો ચેક હમો ફરીયાદી મંડળીના મેનેજરની હાજરીમાં લખી આપી સહી કરી વિશ્વાસ અને ભરોષો આપી જણાવેલ કે,સદરહુ ચેકો તમો તમારી બેંકમાં લખેલ તારીખથી નિયત સમય મર્યાદામાં જમા કરાવશો તો સ્વીકારાય જશે અને સદરહુ ચેકોની રકમ તમોને મળી જશે. આમ આ કામના આરોપીએ આપેલ વિશ્વાસ અને ભરોસા ઉપર આધાર રાખી હમો ફરીયાદીએ ઉપરોકત ચેકો પૈકી અનુકમ નં : (૧) તથા (૨) વાળા ચેક નંબર : ૩૨૧૮૩૪ તથા ૩૨૧૮૩૫ વાળા ચેકો તેમની બેંક, ધી સુરત ડી.કો.ઓ.બેક લી., કડોદરા શાખા, તા.પલસાણા,જી.સુરતમાં જમા કરાવેલ, પરંતુ સદરહું બંને ચેકો બેંકના મેમા ધ્વારા તા. ૧૫–૦૩–૨૦૨૫ ના રોજ " Inoperative account " ના બેક શેરા સાથે મારા અસીલને બેક મેમા ધ્વારા તા.૧૫–૦૩–૨૦૨૫ ના રોજ સ્વીકારયા વિના અનપેઈડ પરત ફરેલો. જે પરત ફરેલ ચેકો અંગેની જાણ હમો ફરીયાદીને અમારી બેક તરફથી તા. ૧૫–૦૩–૨૦૨૫ ના રોજની ઈન્ટીમેશન ધ્વારા જાણ થયેલ. તેમજ ઉપરોકત ચેકો પૈકી અનુક્રમ નંબર : (૩) થી (૫) વાળા ચેક નંબર : ૩૨૧૮૩૬,૩૨૧૮૩૭ તથા ૩૨૧૮૩૮ વાળા ચેકો તેમની બેક, ધી સુરત ડી.કો.ઓ.બેક લી., કડોદરા શાખા, તા.પલસાણા,જી.સુરતમાં જમા

કરાવેસ, પરંતુ સદરહું ત્રણેય ચેકો બેંકના મેમા ધ્વારા તા. ૧૭–૦૩–૨૦૨૫ ના રોજ " Inoperative account " ના બેંક શેરા સાથે મારા અસીલને બેંક મેમા ધ્વારા ૧૭–૦૩–૨૦૨૫ ના રોજ સ્વીકારયા વિના અનપેઈડ પરત ફરેલો.જે પરત ફરેલ ચેકો અંગેની જાણ હમો ફરીયાદીને તેઓની બેંક તરફથી તા. ૧૭–૦૩–૨૫ ના રોજની ઈન્ટીમેશન ધ્વારા જાણ થયેલ. જેથી હમો ફરીયાદીએ તેની જાણ આ કામના આરોપીને કરતા, આ કામના આરોપીએ તે વખતે મારા અસીલને પરત ફરેલ ચેકો બાબત ખુલાસો કરેલ નહી જેથી હમો ફરીયાદીએ પરત ફરેલ ચેકો બાબતે પલસાણાના જયુ.મેજી.ફર્સ્ટ કલાસ જજ સાહેબની કોર્ટમાં ખાનગી ફરીયાદ નંબર : ૮૫૦/૨૦૨૫ તથા ૮૫૧/૨૦૨૫ ની દાખલ કરેલ.જેના સમન્સ આ કામના આરોપીને મળેલ અને સદર ચેકો તેમજ ફરીયાદ બાબતે આ કામના આરોપીએ મારા અસીલ મંડળી સાથે ખાનગી રાહે સમાધાન કરેલ અને ફરીયાદવાળા ચેકો બાબતે તેમજ લોન અંગેની બાકી રકમ રૂા.૭,૫૫,૯૮૭/– અંકે રૂપિયા સાત લાખ પંચાવલ હજાર નવસો સત્યાસી પુરા રકમ ચુકવવાની બાંહેધરી અને વિશ્વાસ તમોએ હમો ફરીયાદી મંડળીને આપેલ અને આ કામના આરોપીએ તે બાબતે સમજુતી તથા બાંહેધરીનો કરાર તા.૦૯–૦૭–૨૦૨૫ ના રોજ કરી આપેલો અને જે સમજુતી તથા બાંહેધરી કરાર નોટરીશ્રી બલવંત કે પરમાર રૂબરૂ અનુકમ નંબર : ૨૭૭૧/૨૦૨૫ થી તા. ૦૯–૦૭–૨૦૨૫ ના રોજ નોટરાઈઝડ થયેલ છે અને સમજુતી તથા બાંહેધરી કરાર મુજબ આ કામના

આરોપીએ હમો ફરીયાદીને નીચેની વિગતના ચેકો લખી આપેલ છે અને આ કામના આરોપીએ હમો ફરીયાદીને બાંહેધરી આપેલ કે, "મજકુર રકમ તમો ચેકમાં લખેલી તારીખે બેંકમાં જમા કરાવશો તો તમોને મળી જશે" અને નીચેની વિગતના ચેકો તમોએ મારા અસીલને લખી આપેલ છે.

<u>-:ચેકની વિગત :-</u>

ક્રમ	**બેકનું નામ**	**ચેક નંબર**	**તારીખ**	**રકમ**
૧	બેંક ઓફ બરોડા	૦૦૦૦૧૦	૧૫-૧૧-૨૦૨૫	૧,૫૦,૦૦૦/-
૨	બેંક ઓફ બરોડા	૦૦૦૦૨૫	૧૦-૧૧-૨૦૨૫	૧,૦૦,૦૦૦/-
૩	બેંક ઓફ બરોડા	૦૦૦૦૨૨	૧૦-૧૨-૨૦૨૫	૧,૫૦,૦૦૦/-
૪	બેંક ઓફ બરોડા	૦૦૦૦૨૩	૧૫-૧૨-૨૦૨૫	૧,૬૦,૦૦૦/-
૫	બેંક ઓફ બરોડા	૦૦૦૦૨૪	૨૫-૧૨-૨૦૨૫	૧,૯૫,૦૦૦/-
			કુલ્લે રૂા.	**૭,૫૫,૦૦૦/-**

તેવી રીતે આ કામના આરોપીએ હમો ફરીયાદી મંડળીના મેનેજરને ઉપર જણાવેલી વિગતના ચેકો પલસાણા કોર્ટ મુકામે હમો ફરીયાદી મંડળીના મેનેજરની હાજરીમાં લખી આપી સહી કરી વિશ્વાસ અને ભરોષો આપી જણાવેલ કે, " સદરહુ ચેકો તમો તમારી બેંકમાં લખેલ તારીખથી નિયત સમય મર્યાદામાં જમા કરાવશો તો સ્વીકારાય જશે અને સદરહુ ચેકોની રકમ તમોને મળી જશે." આમ આ કામના આરોપીએ આપેલ વિશ્વાસ અને ભરોસા ઉપર આધાર રાખી હમો ફરીયાદી મંડળીએ ઉપરોકત નંબર :(૧) વાળો ચેક નંબર : ૦૦૦૦૧૦ વાળો ચેક તેમની બેંક, ધી ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંક, કડોદરા શાખા, તા.પસલાણા, જી.સુરતમાં તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ જમા

કરાવેલ, પરંતુ સદરહુ ચેક બેંકના મેમા ધ્વારા તા.૧૭-૧૧-૨૦૨૫ ના રોજ "Funds Insufficient" ના શેરા સાથે બેંક મેમા ધ્વારા તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજ સ્વીકારયા વિના અનપેઈડ પરત ફરેલો.જે પરત ફરેલ ચેક અંગેની જાણ હમો ફરીયાદી મંડળીને તેઓની બેંક તરફથી તા. ૧૭-૧૧-૨૦૨૫ ના રોજની ઈન્ટીમેશન ધ્વારા જાણ થયેલ. જેથી હમો ફરીયાદી મંડળીએ તેની જાણ આ કામના આરોપીને કરતા, આ કામના આરોપીએ તે વખતે હમો ફરીયાદી મંડળીને પરત ફરેલ ચેક બાબતે ખુલાસો કરેલ નહી અને આ કામના આરોપીએ બદઈરાદાથી હમો ફરીયાદી મંડળીમાંથી ધિરાણની સવલત મેળવી માસિક હપ્તાની ચુકવણી નિયમીત કરેલ નહી અને કોર્ટમાં સમાધાન કરી સમાધાન પેટે પોતાના ખાતાનો ચેક આપી , ચેકવાળા ખાતામાં પુરતા નાણા ન રાખી ચેકનું પેમેન્ટ કરેલ નહી,જેથી આ કામના આરોપીએ ચેક પરત કર્યા અંગેની ધી નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ગંભીર ફોજદારી ગુનો કર્યો છે. આ કામના આરોપીએ ઉપરોકત વિગતનો ચેક આપેલ અને અમો ફરીયાદીને ચેક પરત આવ્યા ત્યારથી પાકી ખાત્રી થઈ ગઈ હતી કે આરોપીની દાનત પ્રથમથી જ બદદાનત છે અને અમો ફરીયાદીની લેણી રકમ ડુબાડવાની છે. જો આરોપી મજકુર ઉપર જણાવ્યા મુજબ વિશ્વાસ અને ભરોષો આપતે નહી, તો ફરીયાદી મજકુર આરોપીને ધિરાણની સવલત આપતે નહી, આરોપીની દાનત અમો ફરીયાદીને ખોટો વિશ્વાસ અને ભરોષો આપી દગાબાજીથી અમારી ધિરાણની લેણી રકમ

પડાવી લેવાની હતી અને અમો ફરીયાદીના લેણા નાણાં ચુકવી આપવા આરોપીની કદી દાનત હતી જ નહી. મજકુર આરોપીએ ખોટો ચેક આપતા અમો ફરીયાદીએ કાયદાની મુદતમાં આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની હમો ફરીયાદીએ અમારા એડવોકેટ મારફતે તા.૧૧–૧૨–૨૦૨૫ ના રોજ રજી.પો.એ.ડી. થી આપેલી જે નોટીસ આ કામના આરોપીને તા. ૧૧–૧૨–૨૦૨૫ ના રોજ રજી. પો. એ.ડી. મારફતે મળી ગયેલ.તેમ છતાં અને તે મળ્યાના ૧૫ દિવસનો સમય થઇ ગયો હોવા છતાં આજદીન સુધી આરોપીએ હમો ફરીયાદીને નોટીસમાં જણાવેલ ચેકના નાણાં ચુકવી આપેલ નથી અને સદરહુ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. જેથી આરોપીએ અમો ફરીયાદીની નોટીસનો કોઈ અમલ કરેલ ન હોય, આરોપીએ જાણીબુઝીને ખોટો ચેક લખી આપેલ તે સ્પષ્ટ થઇ ગયેલ. સદરહુ ઉપરોકત વિગતવાળો ચેક અમો ફરીયાદીએ લખેલ તારીખથી ત્રણ મહીનાની અંદર નાખવામાં આવેલ અને તે કાયદેસર વેલીડ હતો. તે દરમ્યાનમાં નાંખવામાં આવેલ મજકુર ચેક રીર્ટન થવાથી અને પૈસા ન મળ્યાંથી અમો ફરીયાદીને જાણ થઇ તે પંદર દિવસથી અંદર નોટીસ મુજબ પૈસા ચુકવવા અંગે આપવામાં આવેલ અને એવી રીતે આરોપીએ ફોજદારી ગુનાહીત કૃત્ય કરેલ છે. તેમજ આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઇ મુજબ દંડપાત્ર અને સજાને પાત્ર ગંભીર ગુનો કરેલ છે જેથી મજકુર આરોપીને તે અંગે જરૂરી નશિયત કરવાની જરૂરત છે. જેથી

આરોપી વિરુધ્ધ સમન્સ કાઢી કોર્ટમાં હાજર કરી અમો ફરીયાદીના સાક્ષી તથા પુરાવાઓ તપાસી આરોપીને યોગ્ય નશ્યત કરશોજી.

(૨) ફરિયાદીની ફરિયાદ ઉપરથી ફરિયાદ અંગેનું કોગ્નીજન્સ લઈને આરોપીને વિરૂધ્ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો. તે સમન્સની બજવણી થતાં આરોપી નામદાર કોર્ટમાં હાજર થતાંબી.એન.એસ.એસ.ની કલમ ૨૩૦ મુજબ કેસ પેપર્સની નકલો આરોપીને વિના મૂલ્યે આપવામાં આવેલી અને ગુના અંગે પૂછતાં આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર આંક– ૦૭ ના નિવેદનમાં કરેલો અને આખી ટ્રાયલ પૂરતો પુરાવો આપેલો હોઈ સમન્સ ટ્રાયબલ ચલાવવામાં આવેલ છે. જેથી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો.

(૩) ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા રજુ થયેલ છે.

(૩–અ) **<u>મૌખિક પુરાવાઓ</u>**

ક્રમ	વિગત	આંક
૧	ફરિયાદી ધી કડોદરા વિભાગ નાગરીક બચત અને ધીરાણ કરનારી સહકારી મંડળી લી વતી અને તરફે તેના અધિકૃત મેનેજર શ્રી જયેશભાઇ દીલીપભાઇ પટેલનાઓની સોગંદ ઉપર સરતપાસ	૦૪

(૩–બ) **<u>દસ્તાવેજી પુરાવો</u>**

ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

ક્રમ	**વિગત**	**આંક**
૧	આરોપીએ ફરીયાદીને આપેલ ચેક અસલ, ચેક નં. ૦૦૦૦૧૦	**૦૯**
૨	આરોપીની બેક ફરીયાદીને ઉપરોકત અનુક્રમ નં.(૧) વાળો પરત થયેલ ચેક અંગે આપેલ બેંક મેમો અસલ	**૧૦**
૩	ફરીયાદીએ આરોપીને પરત થયેલ ચેક અંગે એડવોકેટ મારફતે આપેલ લેખિત નોટીસની ઓફિસ કોપી	**૧૧**
૪	એજન નોટીસ આરોપી ને રજી.પો.એડી. મારફતે મોકલેલ તેની પોસ્ટ ખાતા તરફથી આવેલ સફેદ પાવતી અસલ	**૧૨**
૫	અનુક્રમ નં. ૩ વાળી નોટીસ આરોપીને મળી ગયેલ તેના પોસ્ટ ખાતાની ઓનલાઇન સાઇટ ઉપરથી લીધેલ ટ્રેક કન્સાઇમ્ન્ટ રીર્પોટ	**૧૩**
૬	ખા.ફો.ફ.નં. ૮૫૦/૨૦૨૫ ની ફરીયાદની નકલ	**૧૪**
૭	ખા.ફો.ફ.નં. ૮૫૧/૨૦૨૫ ની ફરીયાદની નકલ	**૧૫**
૮	એજન અનુ. નં. (૬) ફરીયાદ વીડ્રો પુરસીસ	**૧૬**
૯	એજન અનુ. નં. (૭) ફરીયાદ વીડ્રો પુરસીસ	**૧૭**
૧૦	સમજુતી કમ બાંહેધરી કરાર અસલ	**૧૮**
૧૧	આ કામના આરોપીના લોન ખાતાનું સ્ટેટમેન્ટ	**૧૯**
૧૨	મંડળીની વ્ય. સમિતીના ઠરાવની ખરી નકલ	**૨૦**

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક– ૨૧ ની પુરસીસથી વધુ પૂરાવા આપવા માંગતા નથી કે સાહેદ તપાસવા માંગતા નથી તેમ જાહેર કરેલ છે.

(૪) આ કામે આરોપી છેલ્લી ઘણી મુદતથી હાજર રહેતા ન હોય તેઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) સદર કામે ફરિયાદી તરફે વિ. વકીલશ્રી વી.ડી.નાયકનાઓએ દલીલ કરતા જણાવેલ છે કે , તેઓએ પોતાનો કેસ પુરવાર કરેલ હોય મહત્તમ સજા

તથાદંડ કરવા અરજ ગુજારેલ છે.બચાવપક્ષ તરફે આરોપી કે તેમના વકીલશ્રી હાજર ન હોય કે કોઇ રિપોર્ટ રજૂ રાખેલ ન હોય બચાવપક્ષનો દલીલનો હક બંધ કરવામાં આવેલ છે .

(૬) ઉપરોક્ત હકીકતે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થયેલા છે.

– મુ દ્દા ઓ –

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીને કાયદેસરના લેણીની રકમ પેટે ફરિયાદમાં જણાવેલ વિગતનો **૦૦૦૦૧૦** નંબરનો ચેક આપતા ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ વિગતે તેમની બેંકમાં ભરતા રિટર્ન મેમોમાં જણાવેલ કારણોસર સદરહુ ચેક પરત ફરતા ફરિયાદીએ આરોપીને ફરિયાદમાં જણાવેલ વિગતે રજિ. પો.એ.ડી.થી નોટિસ આપેલ, જે નોટિસની જાણ થવા છતા આરોપીએ લેણી રકમ ચૂકવી આપેલ નથી અને તે રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

–// નિ ર્ણ યો // –

(૧) હકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

-//મુદા નંબર ૧ બાબતે કારણો તથા પુરાવાઓનું મૂલ્યાંકન // -

(૮) આ કામે ફરિયાદી ધી કડોદરા વિભાગ નાગરીક બચત અને ધીરાણ કરનારી સહકારી મંડળી લી વતી અને તરફે તેના અધિકૃત મેનેજર શ્રી જયેશભાઇ દીલીપભાઇ પટેલ નાઓએ આંક-૦૪થી પોતાનો પુરાવો રજૂ કરેલ છે. જેમાં તેઓએ આંક-૦૧ મુજબની હકીકતો દોહરાવેલ હોય તેની વધુ ચર્ચા કરવી જરૂરી જણાતી નથી. પરંતુ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ તથા ૧૧૮ મુજબ જયારે ચેક લખનારે કોઈ ચેક વટાવવા લખેલ હોય ત્યારે તે ચેક લખનારે કાયદેસરના લેણા પેટે લખેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે અને આરોપીએ તે કાયદેસર લેણાં કે ચેક બાબતે પુરાવાથી અનુમાનથી વિરુદ્ધની હકીકત બાબતે ખંડન કરવાનું રહે છે. જેથી ફરિયાદીએ રજૂ રાખેલ પુરાવા અને ફરિયાદને ધ્યાને લેતાં આરોપીએ કાયદેસરના લેણાં પેટે ચેક આપેલાનું અનુમાન કરવામાં આવે છે. હવે ફરિયાદી કેસના અનુમાનને ખંડન કરવાની જવાબદારી આરોપીપક્ષ પર રહેલી છે. પરંતુ, હાલના કેસમાં બચાવપક્ષે આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુનો કબૂલ ન હોવાનું અને કેસ આગળ ચલાવવાની રજૂઆત કરેલ હોય પરંતુ ફરિયાદીએ ખોટો કેસ કરેલ છે અને ચેકનો દુરુપયોગ કરેલ છે તે બાબતનું પણ કોઈ પુરાવા રેકર્ડ પર લાવેલ નથી કે ખંડન કરેલ નથી. આ સંદર્ભે રેકર્ડ

ઉપરની હકીકતો જોતાં નિવેદનમાં આરોપીપક્ષે ઉપર મુજબની હકીકત જણાવેલ છે તે સત્ય છે પરંતુ આવી હકીકત જણાવવા માત્રથી કે તે અન્વયેનો બચાવ લેવા માત્રથી તે માની શકાય નહીં. આરોપીપક્ષે તેવા કથનોને પુરવાર પણ કરવા જોઈએ. ફરિયાદીએ કેવી રીતે ચેકનો દુરુપયોગ કરેલ છે તેમજ ફરિયાદી પાસે આરોપીની સહી કરેલ ચેક કેવી રીતે આવેલ તે પણ બચાવપક્ષે પુરવાર કરેલ નથી. જેથી ચેકનો દુરુપયોગ કરી ખોટો કેસ કરેલાની હકીકત બિનતકરારી બને છે કે જે ચેક છે તે આરોપીએ જ આપેલો છે. તે સાથોસાથ પ્રસ્તુત કેસમાં તો, ચેક કોઈ અવેજ પેટે આપવામાં આવેલ નથી તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર છે. જે જવાબદારીનું આરોપીપક્ષ રેકર્ડ આધારે જોતા વહન કરી શકેલા નથી, એટલે કે પોતાની આ તકરાર પુરવાર કરી શકેલા નથી. જેથી આ બચાવ ટકવાપાત્ર જણાતો નથી.

(૯) વધુમાં, નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ની કલમ ૧૩૯ તથા ૧૧૮ મુજબ જયારે ચેક ધારકે કોઈ ચેક વટાવવા લખેલ હોય ત્યારે તે ચેક લખનારે કાયદેસરના લેણા પેટે લખેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે અને આરોપીએ તે કાયદેસર લેણાં કે ચેક બાબતે પુરાવાથી વિરુદ્ધની હકીકત બાબતે ખંડન કરવાનું રહે છે. જેથી ફરિયાદીએ રજૂ રાખેલ પુરાવા અને ફરિયાદને ધ્યાને લેતાં આરોપીએ કાયદેસરના લેણાં પેટે ચેક આપેલાનું અનુમાન કરવામાં આવે છે. હવે ફરિયાદી કેસના અનુમાનને ખંડન કરવાની

જવાબદારી આરોપીપક્ષ પર રહેલી છે. જે હાલના કેસમાં બચાવપક્ષે ખંડન કરેલ નથી.

(૧૦) આમ, ઉપર કરેલ સઘળી ચર્ચાના અંતે મારું માનવું છે કે, આરોપીપક્ષ પોતાનો બચાવ સફળ રીતે કરી શકેલ નથી કે ફરિયાદી તરફેના કાયદેસરના અનુમાનનું ખંડન થાય તેવો કોઈ બચાવ રેકર્ડ ઉપર લાવેલા નથી, અને ચેકમાં સહી આરોપીની નથી તેવો કોઇ બચાવ બચાવપક્ષે રજૂ રાખેલ નથી.

જેથી, **૨૦૧૦ (૩) ક્રાઈમ્સ (એસ.સી.) ૪૦, રંગપ્પા વિરુદ્ધ શ્રી મોહનના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટ** દ્વારા ઠરાવેલ છે કે, ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ હેઠળ ઈસ્યુ થયેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી કે તેના ભાગ પેટે ઈસ્યુ કરેલાનું અનુમાન કરવાનું રહે છે અને તે અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. એકવાર જ્યારે ચેક આરોપીના ખાતાનો હોવાનું અને તેમાં તેમની સહી હોવાનું આરોપી કબૂલ રાખે ત્યારે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ હેઠળનું અનુમાન ફરિયાદી તરફેણમાં કરવાનું રહે છે. હાલના કેસમાં આરોપીએ, ફરિયાદીની તેમની પાસે કોઈ બાકી લેણી રકમ રહેતી નથી કે ફરિયાદીને જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તેવો કોઈ ખંડનાત્મક પુરાવો લાવેલા નથી. તે જોતાં આરોપી પોતાની સામે પડેલ પુરાવાનું અને એક્ટની

કલમ–૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનોનું ખંડન કરી શકેલ નથી કે ખંડનાત્મક પુરાવો રજૂ કરી શકેલ નથી. તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય "હકારમાં" આપી આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબના ગુના અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આ કેસમાં કાનૂની તથા હકીકતના ગુંચવણભર્યા પ્રશ્નોના કારણે હાથ પરના કેસને સમરી ટ્રાયલ ન ચલાવતા સમન્સ ટ્રાયેબલ મુજબ ચલાવેલ છે. સમન્સ ટ્રાયેબલ કેસોમાં આરોપીને સજા અંગે સાંભળવા જરૂરી નથી. તેમજ આરોપી છેલ્લા ઘણા સમયથી ગેરહાજર રહેતા હોય અને આરોપીની ગેરહાજરીને કારણે હાલનો કેસ પેન્ડિંગ રાખી શકાય નહીં. વધુમાં, આરોપીને કુદરતી ન્યાય–નીતિના સિદ્ધાંતોને ધ્યાને લેતાં સજા અંગે કોઈ રજૂઆત કરવી હોય કે ખુલાસો કરવો હોય તો આરોપીએ કેસમાં હાજર રહેવું જોઇએ જ્યારે આરોપી છેલ્લી ઘણી મુદતથી હાજર રહેલ નથી કે કેસને આગળ ચલાવવાનો પ્રયત્ન કરેલ ન હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં ચુકાદો આપવો ઈસ્ટ જણાતું હોય જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>આખરી હુકમ</u>

૧. આ કામના આરોપી **નરેન્દ્રસિંહ ડાહ્યાભાઈ સોલંકી** રહે–મુ.ખરભાસી (ડાંભા), પો.ચલથાણ, તા.પલસાણા, જી.સુરત.નાઓને બી.એન.એસ. એસ.ની કલમ–૨૭૮(૨) તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮

અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને ૧ વર્ષની સાદી કેદ તથા રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી છેલ્લા ઘણા સમયથી કોર્ટ કાર્યવાહીમાં હાજર થયેલ નથી જેથી આરોપી ઉપર પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી પકડ્યાથી ઉપરોક્ત હુકમનું પાલન કરવા સજાનું વોરંટ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. રજિસ્ટ્રારશ્રી, પલસાણા કોર્ટનાઓને આદેશ કરવામાં આવે છે કે ફરિયાદમાં જણાવેલ સરનામે આરોપીને આ હુકમની એક નકલ સી.આર.પી.સી.ની કલમ-૩૬૧(૧) અન્વયે વિનામૂલ્યે ટપાલથી પૂરી પાડવી.

આજરોજ તારીખઃ ૦૬, માહેઃ જુન, સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૬/૦૬/૨૦૨૬
મુ.પલસાણા.

(જે.જે.આહુજા)
જ્યુડિ. મેજિ. ફર્સ્ટ કલાસ, પલસાણા.
U.I.Code No.GJ01436